આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **13-03-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## પ્રધાનમંત્રી ધોલેરો સેમિકંડકટર-શિલાન્યાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં ધોલેરા સહિત આશરે સવા લાખ કરોડ રૂપિયાના ખર્ચની સેમીકંડકટરની ત્રણ યોજનાઓનો આજે વિડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી શિલાન્યાસ કરશે. આ પ્રસંગે તેઓ દેશના યુવાનોને સંબોધન કરશે.

પ્રધાનમંત્રી દ્વારા શિલાન્યાસ થનાર સેમીકંડકટરની 3 યોજનાઓમાં ગુજરાતના ધોલેરા ખાસ મૂડીરોકાણ વિસ્તારમાં સેમીકંડકટર ફેબ્રીકેશન તેમજ ગુજરાત અને આસામમાં સેમીકંડકટર એસેમ્બલી અને પરિક્ષણ સુવિધા કેન્દ્રોની યોજનાઓનો સમાવેશ થાય છે. સુચિત એકમોમાં હજારો યુવાનોને રોજગારની નવી તકો મળશે.

**RNU** અમદાવાદ

---

## વિજળી પ્રતિ યુનિટ સરચાર્જ ઘટાડો

ગુજરાત સરકારે  રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી લેવાતા પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જના દરમાં આ વર્ષના પહેલા ત્રણ મહિના માટેના દરમાં ઘટાડો જાહેર કર્યો છે.

ઉર્જામંત્રી કનુ દેસાઇએ જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસના ભાવમાં થયેલા  ઘટાડાના કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થતાં વીજ ગ્રાહકોના હિતમાં આ નિર્ણય લેવાયો છે.

તેમણે કહ્યું હતું કે, ફ્યુઅલ સરચાર્જમાં ૫૦ પૈસાના ઘટાડાના કારણે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ હેઠળની ચારેય વીજ વિતરણ કંપનીઓના અંદાજે પોણા બે કરોડ ગ્રાહકોને જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં આશરે  એક હજાર ૩૪૦ કરોડ રૂપિયાનો લાભ થશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## કોંગ્રેસ ઉમેદવારની બીજી યાદી જાહેર

લોકસભાની આગામી ચૂંટણી માટે કોંગ્રેસે તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. 43 ઉમેદવારોમાં ગુજરાતના સાત ઉમેદવારોનો સમાવેશ થાય છે. કચ્છની બેઠક પર નિતેશ લાલનને પસંદ કરાયા છે. તેઓ ગાંધીધામના વતની છે હાલે પૂર્વ કચ્છ યુથ કોંગ્રેસના અધ્યક્ષ છે

તેઓ પ્રથમવાર ચૂંટણી લડશે. ભાજપનાં વર્તમાન સભ્ય વિનોદ ચાવડા સામે જંગમાં ઉતરશે. કેન્દ્રનાં આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા સામે લલિત વસોયા પોરબંદર બેઠક પરનાં ઉમેદવાર છે. બે ધારાસભ્યો ગેનીબેન ઠાકોર બનાસકાંઠા બેઠક પરથી જ્યારે અનંત પટેલ વલસાડ બેઠક પરથી ચૂંટણી લડશે.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------

## પોરબંદર-નશીલા પદાર્થનો જથ્થો ઝડપાયો

પોરબંદરથી 185 નોટિકલ માઇલ દૂર મધદરિયેથી છ પાકિસ્તાનીઓ સાથેની બોટમાં 400 કરોડથી વધુના નશીલા પદાર્થોનો જથ્થો ઝડપાયો છે.

ગુજરાત એટીએસ, કોસ્ટગાર્ડ અને એનસીબીના સંયુક્ત ઓપરેશનથી દરિયામાં ઘુસાડવામાં આવતા નશીલા પદાર્થના પ્રયાસને નિષ્ફળ કરવામાં આવ્યો છે. ગુજરાત એટીએસે પત્રકાર પરિષદ યોજી માહિતી માહિતી આપી હતી. ધરપકડ કરાયેલા 6 પાકિસ્તાની વ્યક્તિઓ પાસેથી 60 પેકેટ નશીલા દ્રવ્યોનો જથ્થો મળી આવેલ છે. જે તમામને તપાસ માટે પોરબંદર લાવવામાં આવશે.

**RNU** અમદાવાદ

------------------------------------------------------------------------

## ગુજરાત પોલીસ દળ-ભરતી અરજી

ગુજરાત પોલીસ દળ વર્ગ-3 સંવર્ગની 12 હજાર 472 ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત પોલીસ ભરતી બોર્ડે ઓનલાઇન અરજી મંગાવી છે.

જેમાં બિન હથિયારી પુરૂષ પોલીસ સબ ઇન્સ્પેક્ટરની 316 જગ્યા, બિન હથિયારી મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટરની 156 જગ્યાઓ જ્યારે બિન હથિયારી પુરૂષ પોલીસ કોન્સ્ટેબલની 4 હજાર 422, બિન હથિયારી મહિલા પોલીસ કોન્સ્ટેબલ માટે બે હજાર 178 જગ્યાઓ, આ ઉપરાંત હથિયારી પુરૂષ અને મહિલા કોન્સ્ટેબલ, એસ.આર.પી.એફ., જેલ સિપોઇ પુરૂષ અને જેલ સિપાહી મહિલાઓની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ અંગેના વિવિધ સૂચનો ઓજસ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પર અપલોડ કરવામાં આવેલ છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## જિલ્લા સૈનિક કલ્યાણ રજિસ્ટ્રેશન

કચ્છ જિલ્લામાં વસવાટ કરતા અને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ભુજનું ઓળખપત્ર ધરાવતા અથવા નવા નિવૃત્ત થયેલા તમામ સૈનિકો, પૂર્વ સૈનિકો તથા સ્વર્ગસ્થ સૈનિકોના પત્નીઓને ગુજરાત રાજ્ય તરફથી મળતી વિવિધ સેવાઓ માટે

www.esm.gujarat.gov.in ઉપર રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય હોઇ હવેલી તકે રજીસ્ટ્રેશન કરાવી લેવું. એમ મદદનીશ અધિકારી જિલ્લા સૈનિક કલ્યાણ કચેરીની યાદીમાં જણાવાયું છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## ધોરમનાથ મેળો

જિલ્લાના નખત્રાણા નજીક આવેલા વિખ્યાત સિધ્ધયોગી ધોરમનાથજીની તપોભૂમિ એવા ધીણોધર ડુંગર સ્થાનકે આજથી બે દિવસીય પાટોત્સવ અને ધાર્મિક કાર્યક્રમ સહિત મેળાનું આયોજન મેળા ઉત્સવ સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે અને રાત્રિના ભજન અને સંતવાણીના કાર્યક્રમ યોજાશે.

**N.P. આરતી ભટ્ટ**

---

## ગુણાતીતપુર-સૂર્યઘર

જિલ્લાના ભચાઉ તાલુકાના કુંભારડી ગ્રામ પંચાયત હેઠળના ગુણાતીતપુર ગામે પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વિજળી યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**N.P. આરતી ભટ્ટ**

---